# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-10-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

******************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતમાં અમેરિકાના રાજદૂત સાથેની મુલાકાતમાં ભારત-અમેરિકા વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી વધુ મજબૂત બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિદ્યાર્થીઓને ગાંધીજીના આદર્શોને આત્મસાત કરી આત્મનિર્ભર ભારતના સંવાહક બનવા હાકલ કરી.

3) કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં શાળાઓને પ્રવેશ અને પરીક્ષા ફી માટે ડિજિટલ પેમેન્ટ UPI અપનાવવા અનુરોધ કર્યો.

4) પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદ પર ગઈકાલે રાત્રે પાકિસ્તાની લશ્કરી ચોકીઓ પર તાલિબાનના હુમલા બાદ ભીષણ લડાઈ શરૂ થઈ.

5) મહિલા ક્રિકેટ વિશ્વ કપમાં આજે વિશાખાપટ્ટનમમાં ભારત ઓસ્ટ્રેલિયા સામે ટકરાશે.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MODI-US AMBASSADOR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે નવી દિલ્હી ખાતે ભારતમાં નિયુક્ત અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરનું સ્વાગત કર્યું. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેમનો કાર્યકાળ ભારત-અમેરિકા વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવશે.

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે પણ શ્રી ગોર સાથે મુલાકાત કરી અને ભારત-અમેરિકા સંબંધોના વૈશ્વિક મહત્વ અંગે ચર્ચા કરી. ડૉ. જયશંકરે શ્રી ગોરને તેમના નવા કાર્યકાળ માટે શુભેચ્છા પાઠવી.

અગાઉ વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ પણ સર્જિયો ગોર સાથે મુલાકાત કર તેમને તેમના કાર્યકાળમાં સફળતાની શુભેચ્છા પાઠવી. બંનેએ ભારત-અમેરિકા વ્યાપક વૈશ્વિક વ્યૂહરચના પર ઉત્પાદક ચર્ચા કરી હતી. શ્રી ગોરે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ સાથે પણ વાતચીત કરી હતી. શ્રી ગોરે જણાવ્યું હતું બંને દેશો ભારત-પ્રશાંત ક્ષેત્રને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છે.

ભારતમાં નિયુક્ત અમેરિકાના રાજદૂતે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમેરિકા ભારત સાથેના તેના સંબંધોને મહત્વ આપે છે અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને પ્રધાનમંત્રી મોદીના મજબૂત નેતૃત્વ હેઠળ, આવનારા દિવસો બંને દેશો માટે ખૂબ સારા રહેશે.

# PM CEO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે નવી દિલ્હીમાં એન્થ્રોપિકના મુખ્ય કાર્યકારી અધિકારી  ડારિયો અમોદેઈ સાથે મુલાકાત કરી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ એન્થ્રોપિકના વિસ્તરણનું સ્વાગત કર્યું હતું અને કહ્યું હતું કે તેઓ મુખ્ય ક્ષેત્રોમાં વિકાસ માટે AI નો ઉપયોગ કરવા માટે સાથે મળીને કામ કરવા આતુર છે.

શ્રી મોદીએ કહ્યું કે ભારતનું જીવંત ટેક ઇકોસિસ્ટમ અને પ્રતિભાશાળી યુવાનો માનવ-કેન્દ્રિત અને જવાબદાર AI નવીનતાને આગળ ધપાવી રહ્યા છે.

# VAISNAW-CEO MEETING

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઈકાલે નવી દિલ્હીમાં એન્થ્રોપિકના સીઈઓ ડારિયો અમોદેઈ સાથે મુલાકાત કરી હતી.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે શ્રી અમોદેઈએ ભારતના કૃત્રિમ બુદ્ધિમત્તા AI ઇકોસિસ્ટમ અને દેશના વિશાળ પ્રતિભા પૂલમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે શ્રી અમોદેઈ AIના સલામત અને જવાબદાર ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.

# PM-AGRI SECTOR SCHEMES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવીનતા, રોકાણ અને બજાર સુલભતા દ્વારા ખેડૂતોને સશક્ત બનાવવા અને તેમને આત્મનિર્ભર અને વિકસિત ભારતના મુખ્ય પ્રેરકબળ બનાવવાની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

ગઈકાલે શ્રી મોદીએ નવી દિલ્હીમાં કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં 42 હજાર કરોડથી વધુના અનેક પ્રોજેક્ટ્સ અને યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ બે મુખ્ય કૃષિ ક્ષેત્ર યોજનાઓ શરૂ કરી: પીએમ ધન ધાન્ય કૃષિ યોજના અને કઠોળમાં આત્મનિર્ભરતા માટેનું મિશન. પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે આ બે યોજનાઓ આત્મનિર્ભરતા, ગ્રામીણ સશક્તિકરણ અને કૃષિ નવીનતાના નવા યુગની શરૂઆત કરવા માટે રચાયેલ છે. તેમણે દેશની કૃષિ પ્રણાલીમાં ઝડપી વિકાસ અને સુધારાઓની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

આ પ્રસંગે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે આગામી પેઢીના GST સુધારાઓ સાથે, સરકારે કૃષિ ઉપકરણો પર GST દર ઘટાડીને ખેડૂતોને રાહત આપી છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રીએ હંમેશા ખેડૂતોના હિતોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે.

આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલી જોડાયેલા મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી રાજીવ રંજન સિંહે જણાવ્યું હતું કે PM ધન ધાન્ય કૃષિ યોજના નવીનતા અને સમાવિષ્ટ વિકાસ દ્વારા કૃષિ ભારતને પરિવર્તિત કરશે. PM ધન ધાન્ય કૃષિ યોજના 24 હજાર કરોડના ખર્ચે શરૂ કરવામાં આવી છે અને તેનો હેતુ કૃષિ

ઉત્પાદકતા વધારવા, પાક વૈવિધ્યકરણ અને ટકાઉ કૃષિ પદ્ધતિઓ અપનાવવા અને સિંચાઈ સુવિધાઓમાં સુધારો કરવાનો છે.

# PREZ. CONVOCATION

રાષ્ટ્રપતિ  દ્રૌપદી મુર્મુની અધ્યક્ષતામાં ગુજરાતના અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠનો 71મો દીક્ષાંત સમારોહ સંપન્ન થયો હતો.

વિદ્યાર્થીઓ ગાંધીજીના આદર્શોને આત્મસાત કરી આત્મનિર્ભર ભારતના સંવાહક બને તેવી રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ વિદ્યાર્થીઓને હાકલ કરી હતી. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ પોતાના સંબોધનમાં કહ્યું કે, ગાંધી મૂલ્યો અને સ્વદેશીના સંવાહક બની યુવાશક્તિ 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત'નું નિર્માણ કરશે

વિદ્યાપીઠના કુલાધિપતિ અને ગુજરાત તેમજ મહારાષ્ટ્રના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની પદવી એનાયત કરવાની જાહેરાત સાથે આ પદવીદાન સમારંભમાં સૌપ્રથમ વખત ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા અભ્યાસની સાથે સાથે સામાજિક પ્રવૃતિના આધારે વિદ્યાર્થિઓને સુવર્ણ ચંદ્રકથી સન્માનિત કરાયા હતા.

રાષ્ટ્રપતિના હસ્તે સાત વિદ્યાશાખાઓના 18 વિભાગોના 713 જેટલા વિદ્યાર્થીઓએ પદવી એનાયત કરાઈ હતી.

# EDUCATION MINISTRY – UPI

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં શાળાઓને પ્રવેશ અને પરીક્ષા ફી માટે ઓનલાઈન UPI અપનાવવા વિનંતી કરી છે. જેનો હેતુ વહીવટી પ્રક્રિયાઓને આધુનિક બનાવવાનો છે. શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગે રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને NCERT, CBSE, KVS અને NVS જેવી સ્વાયત્ત સંસ્થાઓને શાળાઓમાં નાણાકીય વ્યવહારોને સુવ્યવસ્થિત કરવા માટે UPI અપનાવવા ભાર મૂક્યો છે.

આ પગલું કાયદાકીય, નીતિગત અને સંસ્થાકીય સુધારાઓ દ્વારા "જીવન અને શિક્ષણની સરળતા" ને પ્રોત્સાહન આપવાના વ્યાપક પ્રયાસોનો એક ભાગ છે. ડિજિટલ ચુકવણી પ્રણાલીઓ અપનાવવાથી પારદર્શિતા વધશે અને શાળાઓની મુલાકાત લીધા વિના ફી કે અન્ય ચુકવણીની સુવિધા મળશે.

મંત્રાલયે ભાર મૂક્યો હતો કે રોકડ ચુકવણીથી ડિજિટલ ચુકવણી તરફ જવાથી શાળા વહીવટનું આધુનિકીકરણ થશે અને 2047 સુધીમાં "વિકસિત ભારત" ના લક્ષ્યને મજબૂત બનાવવામાં આવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# PAK- AFGHAN BORDER CLASHES

પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદ પર ગઈકાલે રાત્રે પાકિસ્તાની લશ્કરી ચોકીઓ પર તાલિબાનના હુમલા બાદ ભીષણ લડાઈ શરૂ થઈ છે. આ અઠવાડિયાની શરૂઆતમાં કાબુલમાં પાકિસ્તાની હવાઈ હુમલા બાદ તાલિબાને પાકિસ્તાની લશ્કરી ચોકી પર હુમલો કર્યો હતો. વરિષ્ઠ તાલિબાન અધિકારીઓના જણાવ્યા અનુસાર અફઘાનિસ્તાનમાં હવાઈ હુમલા બાદ તાલિબાન સુરક્ષા દળોએ પાકિસ્તાની સૈનિકો પર સશસ્ત્ર કાર્યવાહી માટે હુમલા શરૂ કર્યા હતા. તેમણે દક્ષિણ પ્રાંત હેલમંડમાં બે પાકિસ્તાની સરહદી ચોકીઓ કબજે કરવાનો પણ દાવો કર્યો હતો. સ્થાનિક અધિકારીઓએ તાલિબાનના દાવાની પુષ્ટિ કરી હતી. પાકિસ્તાની સુરક્ષા અધિકારીઓએ અનેક સરહદી સ્થળોએ અથડામણો સ્વીકારી હતી અને કહ્યું હતું કે તેઓ હુમલાનો પ્રતિકાર કરી રહ્યા છે.

ગુરુવારે રાજધાની કાબુલમાં બે અને દક્ષિણપૂર્વ અફઘાનિસ્તાનમાં એક વિસ્ફોટ થયો હતો. તાલિબાનના સંરક્ષણ મંત્રાલયે આ હુમલાઓના સંદર્ભમાં પાકિસ્તાન પર તેની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂક્યો છે. જ્યારે પાકિસ્તાને આ હુમલાઓની જવાબદારી સ્પષ્ટપણે સ્વીકારી નથી, ત્યારે તેણે અફઘાનિસ્તાનને તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) ને આશ્રય આપવાનું બંધ કરવા હાકલ કરી છે. TTP પર 2021 થી સેંકડો પાકિસ્તાની સૈનિકોની હત્યા કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. TTP એ અફઘાનિસ્તાનમાં લશ્કરી તાલીમ મેળવી હોવાનું માનવામાં આવે છે અને તાલિબાન સાથે વૈચારિક સંબંધો ધરાવે છે.

છેલ્લા કેટલાક મહિનાઓથી અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો તણાવપૂર્ણ રહ્યા છે. બંને દેશો બે હજાર 600 કિલોમીટર લાંબી પર્વતીય સરહદ ધરાવે છે જેને ડ્યુરન્ડ લાઇન તરીકે ઓળખવામાં આવે છે.

# FILM FAIR AWARD

ગુજરાતના અમદાવાદ આંગણે ફિલ્મ ફેર એવોર્ડ યોજાયો હતો. અમદાવાદના મણિનગર સ્થિત ટ્રાન્સટેડિયા ખાતે ફિલ્મી ઝાકઝમાળ વચ્ચે આ કાર્યક્રમ યોજાયો હતો.

ગઇકાલે મોડી સાંજે યોજાયેલો આ કાર્યક્રમ મોડીરાત સુધી ચાલ્યો હતો. શાહરૂખ ખાન, કરણ જોહર, અભિષેક બચ્ચન સહિતના સ્ટાર અમદાવાદમાં ઉપસ્થિત રહ્યાં હતા. ગુજરાતી કલાકારોએ પણ આ એવોર્ડ સમારંભમાં ખાસ્સુ આકર્ષણ જમાવ્યું હતું.

# WOMEN'S CRICKET

મહિલા ક્રિકેટ વિશ્વ કપમાં આજે વિશાખાપટ્ટનમમાં ભારત ઓસ્ટ્રેલિયા સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે ત્રણ વાગ્યે શરૂ થશે.

દરમ્યાન ગઇકાલે કોલંબોમાં ઈંગ્લેન્ડે શ્રીલંકાને 89 રનથી હરાવીને સતત ત્રીજી જીત નોંધાવી હતી. 254 રનના લક્ષ્યાંકનો પીછો કરતા શ્રીલંકાની ટીમ 46મી ઓવરમાં 164 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ઈંગ્લેન્ડ તરફથી સોફી એક્લેસ્ટોને ચાર વિકેટ લીધી, કેપ્ટન નેટ સાયવર બ્રન્ટ અને ચાર્લોટ ડીને બે-બે વિકેટ લીધી. કેપ્ટન સાયવર બ્રન્ટના 117 રનની મદદથી ઈંગ્લેન્ડે 50 ઓવરમાં નવ વિકેટે 253 રન બનાવ્યા. બ્રન્ટને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

♣ આજના અખબારોએ વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમાચારોની હેડલાઇન બનાવી છે.

♣ ગુજરાત સમાચાર લખે છે ચીન પર 100 ટકા ટેરિફની ટ્રમ્પની ધમકી....અમેરિકન સ્ટોક માર્કેટમાં રોકાણકારોના 1.56 લાખ કરોડ ડોલર, બિટકોઈનમાં 19 અબજ ડોલર ડૂબ્યા

♣ દિવ્ય ભાસ્કર લખે છે દિલ્હીમાં તાલિબાનના મંત્રીની પ્રેસ કોન્ફરન્સમાં મહિલાઓની એન્ટ્રી રોકી..... 5 વર્ષમાં મોઢેરા સૂર્યમંદિર જોવા આવતા પ્રવાસીઓની સંખ્યામાં 64 ટકા, રાણકી વાવમાં 9 ટકાનો વધારો...

♣ સંદેશ લખે છે ટ્રમ્પ ચીન પર વિફર્યા- વધુ 100 ટકા ટેરિફ લાદી...બંગાળમાં વધુ એક દુષ્કર્મ ઓડિશાની મેડિકલમાં ભણતી વિદ્યાર્થીની ભોગ બની...